No. Of Printed Pages: 2

[37 / A-64]

# SARDAR PATEL UNIVERSITY
## MA II Semester Examination
## Wednesday, 6 April 2016
## 10.30 - 1.30 pm
## PA02EGUJ04 : Gujarati
## Madhyakalin Gujarati Granthkar No Abhyas : Shamal (New)
### (મધ્યકાલીન ગુજરાતી ગ્રંથકારનો અભ્યાસ : શામળ)

કુલ ગુણ ૭૦

પ્રશ્ન ૧. વસ્તુલક્ષી પ્રશ્નોના જવાબ આપો (૧૦)

૧. 'દ્રૌપદી વસ્ત્રાહરણ' વિનેચટની વાર્તા, સુંદર કામદાર, ભોજકથા જેવી રચનાઓ શામળની નથી તેમ કોણે કહ્યું છે?

(A) હસુ યાજ્ઞિક (B) કે. કા. શાસ્ત્રી

(C) કે. હ. ધ્રુવ (D) ન. જ. ત્રિવેદી

૨. વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાનઃ ૧. શ્રી અનંતરાય રાવળે શામળને 'વાણિયાનો કવિ' કહ્યો છે.

વિધાનઃ ૨. શામળના નીતિ-ઉપદેશના છપ્પાઓને કે.કા. શાસ્ત્રીએ શામળની મોટી સેવા માની છે.

(A) વિધાન અ સાચું છે પણ વિધાન બ ખોટું છે.

(B) વિધાન બ સાચું છે પણ વિધાન અ ખોટું છે.

(C) બન્ને વિધાન સાચા છે.

(D) બન્ને વિધાન ખોટાં છે.

૩. નીચેનામાંથી કઈ કૃતિ શામળની ધાર્મિકકૃતિ નથી.

(A) અંગદવિષ્ટિ (B) રાવણ-મંદોદરી સંવાદ

(C) રણછોડજીનો સલાકો (D) મડાસપચીસીની વાર્તા

૪. નીચેની પંક્તિ શામળની કઈ કૃતિની છે?

સ્ત્રી બુદ્ધે સીતા થયાં, પરઠી પાપે ઘોર
રામ વહે જો રણ વિષે, તો ધરણી રાખું ઘેર

(A) અંગદવિષ્ટિ (B) શિવપુરાણ

(C) રાવણ-મંદોદરી સંવાદ (D) સૂડો બહોંતરી

૫. શામળના શિવપુરાણમાં ______ અધ્યાયો છે.

(A) ૧૨ (B) ૨૨

(C) ૩૨ (D) ૪૨

૬. 'અંબે અંબફૂલ ઉતરે, કદલી કેળાં સાર
બરાસ ન છંડે વાસના, રે પડ પાસા પોહોબાર' -આ દુહો 'નંદબત્રીસીમાં ક્યું પાત્ર બોલે છે.

(A) પ્રધાન (B) રાજા

(C) પદ્મિની (D) સસરો

૭. નંદબત્રીસી'ના રચનાકાળ અને કર્તાની યાદીને આધારે યોગ્ય યુગ્મો રચો.

| યાદી-૧ | યાદી-૨ |
|---|---|
| (અ) નરપતિ | (A) સંવત ૧૪૬૫ |
| (બ) લાવણ્ય | (B) સંવત ૧૫૪૭ |
| (ક) સિંહકુશલ | (C) સંવત ૧૫૬૦ |
| (ડ) બ્રહ્મભીમજી | (D) સંવત ૧૭૦૦ |
| (ઈ) નિત્યસોભાગ્ય | (E) સંવત ૧૭૩૧ |

૮. 'સિંહાસનબત્રીસી'ની કઈ વાર્તામાં અભયચંદ્રનું પાત્ર આવે છે ?

(અ) ભાભારામ (બ) વેતાલભાટની વારતા

(ક) વહાણની વારતા (ડ) ભદ્રાભામિતી

૯. શામળની સિંહાસનબત્રીસીમાં ૧૨૦ સ્વતંત્રકથાનકો છે એવું વિધાન ક્યા વિદ્વાને આપ્યું છે.

(અ) જનક દવે (બ) હરિવલ્લભ ભાયાણી

(ક) હસુ યાજ્ઞિક (ડ) અનંતરાય રાવળ

૧૦. સિંહાસનબત્રીસીની જૂનામાં જૂની રચના ક્યા સર્જક પાસેથી મળે છે?

(અ) ક્ષેમંકર (બ) દેવમૂર્તિ

(ક) મલયચંદ્ર (ડ) શામળ

પ્રશ્ન ૨. મધ્યકાલીન ગુજરાતી સર્જક શામળની વ્યક્તિપ્રતિભા અને સર્જકપ્રતિભાનો પરિચય કરાવો. (૧૫)

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

(અ) શામળની ધાર્મિક કૃતિઓ

(બ) મદનમોહના

પ્રશ્ન ૩. 'નંદબત્રીસી'ની પ્રાચીન પરંપરાનો નિર્દેશ કરી, 'નંદબત્રીસી'નું શીલકથા તરીકે મૂલ્યાંકન કરો. (૧૫)

અથવા

ટૂંકનોંધ લખો

(અ) 'નંદબત્રીસી'માં શીલરક્ષાનો મોટિફ

(બ) 'નંદબત્રીસી'માં ચોપાટના દુહા

પ્રશ્ન ૪. 'પદ્યવાર્તાકાર શામળના જીવનનું મોટામાં મોટું સર્જન હોય તો તે સિંહાસનબત્રીસીની વાર્તાઓનું છે' (૧૫)
– આ વિધાનને આધારે સિંહાસનબત્રીસીનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

(અ) સિંહાસનબત્રીસીની પાત્રસૃષ્ટિ.

(બ) સિંહાસનબત્રીસીમાં વેતાલભાટની વારતા

પ્રશ્ન ૫. 'શામળ મધ્યકાલીન ગુજરાતી પદ્યવાર્તાના વિકાસનું પરમોચ્ચ શિખર છે' (૧૫)
-આ વિધાનની સમીક્ષા કરો.

અથવા

ટૂંકનોંધ લખો (બન્ને)

(અ) શામળની રચનાઓમાં નીતિઉપદેશ.

(બ) શામળની પદ્યવાર્તાઓમાં સમસ્યા નિરૂપણ.

×=×=×